તંત્રી સ્થાનેથી....

પરિવારવાદના મોહમાં અંધ બનેલા રાજકીય પક્ષો

આપણા દેશમાં ચાલતી રાજનીતિમાં પરિવાર પ્રત્યેનો મોહ નવો નથી. કોંગ્રેસમાં વર્ષોથી શરૂ થયેલી આ પરંપરા અન્ય રાજકીય પક્ષોમાં પણ વ્યાપક બની છે. ભારતીય જનતા પાર્ટી પણ આમાંથી બાકાત નથી. રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુપ્રસાદ યાદવે બિહારમાં રાબડી દેવીને મુખ્યમંત્રીપદે બેસાડીને લોકોમાં ભારે આશ્ચર્ય સર્જ્યું. સપા ના વડા મુલાયમસિંહ યાદવથી માંડીને એચડી દેવગૌડા સુધીના રાજકીય નેતાઓ તેમના પરિવાર માટે અચૂક પ્રેમ દર્શાવી ચૂકયા છે, નિખિલેશ યાદવ તેનું તાજું દ્દષ્ટાંત છે. જો કે કોંગ્રેસના નેતાઓમાં પણ આવી પરંપરા ચાલુ રહેવા પામી છે. કોંગ્રેસમાં જવાહરલાલ નહેરુ પછી ઈંદિરા ગાંધી પછી રાજીવ ગાંધીના સિલસિલાને ટકાવવા માટે હવે રાહુલ ગાંધી આવ્યા છે, કોંગ્રેસમાં કેટલાક નેતાઓ રાહુલ ગાંધીને વડાપ્રધાન બનાવવા માટે જોરદાર હિમાયત કરતા રહ્યા છે.

ભાજપાએ શરૂઆતમાં પરિવારવાદનો મોહ આગળ કરીને કોંગ્રેસને ભીંસમાં લેવાનો ઘણીવાર પ્રયાસ કર્યો હતો પરંતુ હવે તે આ બાબતે બોલી શકે તેમ નથી. કેમકે તેના નેતાઓ આવી પરંપરા તરફ ઝૂકી રહ્યા છે. સગાવાદ હવે દરેક માટે એકસમાન બની ગયો છે, હવે કોઈ કોઈની ટીકા કરી શકે તેમ નથી. પ્રજા પણ પોતે આ બધું જોઈને ચિંતામાં મૂકાઈ ગઈ છે. તેને હવે એવું લાગવા માંડયું છે કે આ સિલસિલો કયાં જઈને અટકશે? બધા જ પક્ષો એક જ રાહ પર ચાલતા હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. પ્રજા જયારે મોંઘવારીની નાગચૂડમાં ફસાયેલી છે ત્યારે આ પરિવાર મોહના પ્રશ્ને તે શું કરી શકે ?

રાજનીતિમાં પરિવારવાદના મુદ્દે વર્ષોથી કોંગ્રેસને ઠપકો આપતી ભાજપાને કોણ ભૂલી શકે? ખાસ વાત તો એ છે કે નેતા પુત્રોને જગ્યા આપવા પ્રદેશના કેટલાય વરિષ્ઠ નેતાઓને બાજુએ મૂકી દેવાયા હતા. ઉ.પ્ર.માં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહના પુત્રને મહામંત્રી, મુખ્યમંત્રી રહેલા કલ્યાણસિંહ અને વરિષ્ઠ નેતા બાલન ટંડનના પુત્રોને ઉપાધ્યક્ષ તથા મહિલા નેતા પ્રેમલમાં કટિયારની પુત્રીને મંત્રીપદે નવાજવામાં આવ્યા છે. દિલ્હીની સત્તા પર કબજો મેળવવા માટે ભાજપા એ સારી રીતે જાણે છે કે ઉ.પ્ર.માં મજબૂત બન્યા વિના તે કેન્દ્રમાં સત્તા મેળવી શકે તેમ નથી. જો કે આ રાજયમાં તેની સ્થિતિ બહુ સારી નથી. ત્યાં લોકસભાની ૮૦ બેઠકોમાંથી માંડ ૧૦ બેઠકો છે. એટલે તેણે સ.પા. બસપા અને કોંગ્રેસનો પ્રતિકાર કરવા માટે વિશેષ મજબૂત બનવું પડશે.

અત્યારે તો આ પ્રશ્નનો કોઈ ઉત્તર નથી. આગામી ચૂંટણી જંગ ખેલાશે ત્યારે કોણ કેટલા પાણીમાં છે અને ભાજપા કેટલી મજબૂત છે તેની પછીથી ખબર પડશે. પરિવારના મોહથી કોઈપણ રાજકીય પક્ષ બચ્યો નથી. આ માટે એકલા કોંગ્રેસનો દોષ કાઢીને બેસી શકાયનહી. એ પરંપરા તો તમારા ઘર આંગણે આવી છે. આમ પરિવારના મોહમાં ફસાઈને પાર્ટી કાર્યકર્તાઓને સારો સંદેશ આપવામાં નિષ્ફળ ગઈ છે. પાર્ટીની વિચારધારામાં વિશ્વાસ રાખનારા લાખ્ખો સમર્થકોને પણ આનો જવાબ એક દિવસે આપવો પડશે તે તેમણે ભૂલવું ન જોઈએ.

ગુજરાતને ચાર એક્સપ્રેસ અને પાંચ પેસેન્જર ટ્રેનો મળી

રેલવે બજેટમાં જાહેર ૧૦૬ ટ્રેન પૈકી ગુજરાતને માત્ર નવ જ ટ્રેન

વર્ષ ૨૦૧૨-૧૩ના બજેટમાં કુલ ૧૧૩ નવી ટ્રેનો પૈકી ૧૭ ટ્રેનો મળી હતી જેની તુલનામાં આ વખતે નવ ટ્રેનો : ૫૭ પૈકી માત્ર ત્રણ ટ્રેનો જ લંબાવાઈ

અમદાવાદ,

રેલવે પ્રધાન પવનકુમાર બંસલે આજે રેલવે બજેટ રજુ કર્યુ હતુ જેમાં ૬૭ નવી એક્સપ્રેસ ટ્રેનો, ૨૬ નવી પેસેન્જરો, પાંચ મેમુ અને આઠ ડેમુ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતને જે એક્સપ્રેસ ટ્રેનો મળી છે તેમાં ચાર એક્સપ્રેસ ટ્રેનોનો સમાવેશ થાય છે જ્યારે પાંચ પેસેન્જર ટ્રેનો પણ ગુજરાતને આપવામાં આવી છે. ગુજરાતને જે એક્સપ્રેસ ટ્રેનો મળી છે તેમાં અમદાવાદ-જોધપુર વાયા સમદડીનો સમાવેશ થાય છે. યાત્રીઓની સુવિધા વધે તે હેતુસર ગુજરાતને પણ કુલ નવ ટ્રેનો આપવામાં આવી છે. જો કે ગુજરાત સાથે સંબંધિત લોકોએ આની સામે વાંધો ઉઠાવ્યો છે અને કહ્યુ છે કે ઉત્તર પ્રદેશ અને અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતને ઓછુ મહત્વ અપાયુ છે. ચાર એક્સપ્રેસ ટ્રેનો ઉપરાંત પાંચ પેસેન્જર ટ્રેનો ઉપરાંત ગુજરાત માટે અન્ય જે જાહેરાત કરવામાં આવી છે તેમાં અમદાવાદમાં રેલવે નિર બોટલિંગ પ્લાન્ટનો સમાવેશ થાય છે. રેલવે સંબંધિત કારોબારમાં યુવાનોની ભાગીદારીને વધારવા માટે પણ ગુજરાતના ઘણા વિસ્તારોની પસંદગી કરવામાં આવી છે. જે નવા પ્રોજેક્ટ જાહેર કરવામાં આવ્યા છે તેમાં ડબલિંગ લાઈનમાં પાલનપુર-સામખીયાલીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વટવા-અમદાવાદ ત્રીજી લાઈનનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન સર્વે બાદ જે દરખાસ્ત હાથ ધરવામાં આવનાર છે તેમાં નવી લાઈન સર્વેમાં આણંદ-બોરસદ, કપડવંજ-ટિમ્બા, મોડાસા-મેઘરજ, રાજપીપળા-કેવડીયા કોલોનીનો સમાવેશ થાય છે. ગેજ રુપાંતરણ સર્વે પણ હાથ ધરવામાં આવનાર છે જ્યાં સર્વેનું કામ હાથ ધરવામાં આવનાર છે તેમાં અમદાવાદ-બહુચરાજી, બર્ધન-બોચાસણ-પેટલાદ-નડિયાદ, સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રાનો સમાવેશ થાય છે.

ડબલિંગ સર્વેની વાત કરવામાં આવે તો કંડલા-પાલનપુર, રાજકોટ અને વેરાવળનો સમાવેશ થાય છે. કેટલીક ટ્રેનોને વધુ અંતર માટે લંબાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જુદા જુદા બજેટ ગાળાની વાત કરવામાં આવે તો બજેટ ૨૦૧૧-૧૨માં ભારતના ૧૩૫ નવી ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી જે પૈકી ગુજરાતને ૧૬ ટ્રેનો મળી હતી. ૨૦૧૨-૧૩ના બજેટમાં ગુજરાતને ૧૧૭ નવી ટ્રેનો પૈકી ૧૭ ટ્રેનો મળી હતી જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં આજે જાહેર કરાયેલા બજેટમાં ગુજરાતને અગાઉની સરખામણીમાં ઓછી ટ્રેનો મળી છે. ગુજરાતની અવગણના કરવામાં આવી છે.

હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો છતાં ગુજરાત પ્રત્યે અવગણના કરવામાં આવી છે. ૧૦૬ નવી ટ્રેનો પૈકી માત્ર નવ ટ્રેનો આપવામાં આવી છે. ઘણી ટ્રેનોની ફિક્વન્સી પણ વધી છે. પરંતુ લોકો નારાજ દેખાઈ રહ્યા છે.

ગુજરાતની અવગણના

રેલવે બજેટની આજે પવનકુમાર બંસલે જાહેરાત કરી હતી. આ બજેટમાં ગુજરાતને ૧૦૬ પૈકી માત્ર નવ ટ્રેનો જ ફાળવવામાં આવી છે. જુદા જુદા વર્ષમાં રજુ થયેલા બજેટમાં દેશ માટે જાહેર કુલ ટ્રેનો પૈકી ગુજરાતને કેટલી ટ્રેનો મળી તે નીચે મુજબ છે.

ગુજરાતને નવી ટ્રેનો

	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
ભારત	૧૩૫	૧૧૩	૧૦૬
ગુજરાત	૧૬	૧૭	૯

ટ્રેનો લંબાવાઈ

	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
ભારત	૩૩	૩૯	૫૭
ગુજરાત	૩	૫	૩

ફ્રિક્વન્સી વધારાઈ

	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪
ભારત	૧૭	૨૩	૨૪
ગુજરાત	૫	૧	૩

ગુજરાતને શું મળ્યુ ?

એક્સપ્રેસ ટ્રેનો

૧.અમદાવાદ-જોધપુર(સાપ્તાહિક) સમદારી, ભીલડી
૨. બાંદ્રા ટર્મિનસ-હિસાર(સાપ્તાહિક)અમદાવાદ, પાલનપુર, મારવાડ
૩. બાંદ્રા ટર્મિનસ-હરિદ્વાર(સાપ્તાહિક) વલસાડ
૪. ગાંધીધામ-વિશાખાપટ્ટનમ(સાપ્તાહિક) અમદાવાદ, વર્ધા

પેસેન્જર ટ્રેનો

૧. ભાવનગર-પાલિતાણા(દરરોજ)
૨. ભાવનગર-સુરેન્દ્રનગર(દરરોજ)
૩. નડિયાદ-મોડાસા (સપ્તાહમાં છ દિવસ)
૪. સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા(દરરોજ)
૫. સોમનાથ-રાજકોટ (દરરોજ)

મેમુ-ડેમુ ટ્રેન સર્વિસ

કોઈ ટ્રેન નહીં

ટ્રેનો લંબાવાઈ

૧. ૧૯૨૫૧/૧૯૨૫૨ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ ઓખા સુધી
૨. ૫૯૨૯૭/૫૯૨૯૮ પોરબંદર-વેરાવળ પેસેન્જર સોમનાથ સુધી
૩. ૭૯૪૫૪/૭૯૪૫૫ મોરબી-વાંકાનેર ડેમુ રાજકોટ સુધી

ફ્રિક્વન્સી વધી (એક્સપ્રેસ)

૧. ૧૨૫૪૭/૧૨૫૪૮ આગ્રાફોર્ટ-અમદાવાદ ૩ના બદલે ૭ દિવસ
૨. ૧૧૪૫૩/૧૧૪૫૪ અમદાવાદ-નાગપુર ૨ના બદલે ત્રણ દિવસ
૩. ૧૯૪૦૯/૧૯૪૧૦ ગોરખપુર-અમદાવાદ એકના બદલે બે દિવસ

રેલ્વે બજેટ પ્રજાલક્ષી - પ્રગતિકારક : ભરતસિંહ સોલંકી

અમદાવાદ,

નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ના કેન્દ્રિત રેલ્વે અંદાજપત્રને આવકારતા કેન્દ્રિય ડ્રીન્કીંગ વોટર એન્ડ સેનિટેશન રાજયપ્રધાન (સ્વતંત્ર હવાલો) ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે કેન્દ્રિય રેલ્વે અંદાજપત્રમાં ગુજરાતની પ્રજા માટે ઘણી સારી જોગવાઈઓ કરવામાં આવી છે, જાહેર કરવામાં આવેલી કુલ ૧૦૬ ટ્રેન પૈકી ૯ ટ્રેન ગુજરાતને ફાળવવામાં આવી છે, જેમાં અમદાવાદ-જોધપુર, બાંદ્રા ટર્મિનસ-હિસાર, બાંદ્રા ટર્મિનસ-હરિદ્વાર, ગાંધીધામ-વિશાખાપટ્ટનમ જેવી ચાર એક્સપ્રેસ ટ્રેન તેમજ ભાવનગર-પાલીતાણા, ભાવનગર-સુરેન્દ્રનગર, નડિયાદ-મોડાસા, સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા, સોમનાથ-રાજકોટ જેવી પાંચ પેસેન્જર ટ્રેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ત્રણ ટ્રેનો લંબાવવામાં આવી છે અને ત્રણ ટ્રેનોના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતને નવી ટ્રેનો આપવા ઉપરાંત, અમદાવાદ ખાતે એક રેલ નીર બોટલીંગ પ્લાન્ટ, અંકલેશ્વર ખાતે રેલવે સંબંધિત ટ્રેડ માટે સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર, પાલનપુર-સામખીયાળી અને વટવા-અમદાવાદ (ત્રીજી લાઈન) ને ડબલ લાઈન કરવાનો, પાલનપુર-અમદાવાદ, કલોલ-ગાંધીનગર-ખોડીયાર લાઈનના ઈલેકટ્રિફીકેશનનો તેમજ નવા સર્વેમાં ચાર નવી લાઈન, ચાર ગેજ રૂપાંતરણ અને બે લાઈનોને ડબલ કરવી વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આમ કેન્દ્રિય રેલ્વે અંદાજપત્રમાં ગુજરાતને સારી ફાળવણી કરવામાં આવી છે, જેનાથી ગુજરાતની પ્રજાને ઘણી સારી રેલ્વે સુવિધાઓ મળશે.

વાહન ચોરતી ગેંગ સક્રિય બની : ચાર વાહનોની ચોરી

અમદાવાદ,

શહેર પોલીસના પેટ્રોલિંગ અને વાહન ચેકિંગના મોટામોટા દાવાઓ ઉપર વાહનચોરેએ પાણી ફેરવી દીધું હોય તેમ લાગી રહ્યું છે. ત્રણ દિવસમાં ચાર વાહનોની ચોરી કરી વાહનચોરોએ શહેર પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે.

વાહનચોરીની વધતી જતી ઘટનાથી શહેરીજનો વધુને વધુ ચિંતિત બન્યાં છે જયારે શહેર પોલીસ હંમેશાની જેમ બધુ સલામત હોવાની પીપુડી વગાડી રહી છે. ગત ત્રણ દિવસમાં ચોરાયેલા વાહનોની ફરિયાદ જે-તે પોલીસ મથકે નોંધાતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

એકજ દિવસમાં શાહીબાગ, ઘાટલોડીયા, નરોડા, રામોલ પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીની ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો છે.

સામાન્ય પ્રવાસીઓ માટે રેલ્વે બજેટ આશીર્વાદરૂપ : કોંગ્રેસ

ભાડા નહીં વધારી સુવિધા વધારાઈ : વાઘેલા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયા દ્વારા રેલ્વે બજેટને આવકાર અનેક ટ્રેનો લંબાવવાની જાહેરાત

અમદાવાદ,

યુપીએ સરકાર દ્વારા રજૂ થયેલ રેલ્વે બજેટને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, રેલ્વે મંત્રી દ્વારા રજુ થયેલ રેલ બજેટમાં રેલ્વે યાત્રી ભાડામાં કોઈ વધારો નહી છતાં ૨૬ નવી પેસેન્જર ટ્રેન અને ૬૭ નવી એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાની જાહેરાત અતિ આવકારદાયક છે. રેલ્વેની દેશના વિકાસ માટે ચાવીરૂપ ભૂમિકા છે ત્યારે, પેસેન્જરો માટે વધુ સુવિધાઓની જોગવાઈ સ્પષ્ટ જણાય છે.

ગુજરાતના નાગરિકો માટે અનેક ટ્રેન લંબાવવાની, ગેજ કન્વર્જન નવી ટ્રેનો સાથે અમદાવાદમાં રેલ્વે નીર બોટલીંગ પ્લાન્ટની જોગવાઈ આવકારદાયક છે. ભાજપ એનડીએ સત્તામાં હોય ત્યારે ગુજરાતને કાંઈ આપ્યું નહિ અને હવે ગુજરાતને કંઈ મળ્યું નથી તેવી ખોટી વાતો અંગે પ્રતિક્રિયા આપતાં અર્જુન મોઢવાડીયાએ કહ્યું કે, દેશના વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા આગામી સમયમાં ભજવવાના છે તે ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટ ૨૮૦૦ કિ.મી. જે ૪૦ ટકા ગુજરાતમાંથી પસાર થવાના છે. તે યુપીએ સરકારની દેશને ભેટ છે. એનડીએના શાસનમાં નાયબ વડાપ્રધાન પદે સત્તા ભોગવનાર ગુજરાતમાંથી ગાંધીનગર સંસદીય ક્ષેત્રના સાંસદ લાલકૃષ્ણ અડવાણીએ ગાંધીનગરને રેલ્વે કેમ કરી આપી નહિ. જે યુપીએ સરકારે તરત જ અમલમાં મૂકી અને ગાંધીનગરના નાગરિકોને રેલ્વે સેવા ઉપલબ્ધ કરાવી. ગુજરાત કોંગ્રેસ દેશના વિકાસમાં ચાવીરૂપ રેલ્વે બજેટને આવકારે છે અને આ રેલ્વે બજેટને કારણે દેશમાં સામાન્ય-મધ્યમ વર્ગના નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

દરમિયાન કેન્દ્રીય રેલ્વે મંત્રીશ્રી પવનકુમાર બંસલે રજૂ કરેલા રેલ્વે બજેટ અંગે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, રેલ્વે મંત્રી દ્વારા રજૂ થયેલા બજેટમાં ૨૬ નવી પેસેન્જર અને ૬૭ નવી એક્સપ્રેસ ટ્રેનોની જે જાહેરાત થઈ છે, તેમાં ગુજરાત માટે નવી પેસેન્જર ટ્રેનો, નવી એક્સપ્રેસ ટ્રેનો, ગેજ કન્વર્ઝન તથા ઈલેક્ટ્રીફીકેશન દ્વારા નવી સુવિધાઓ ઉભી કરવાની વાત કરી છે તે અતિ આવકારદાયક છે.

ગુજરાતને હાડોહાડ અન્યાય કરતું રેલવે બજેટ : ભાજપ

અમદાવાદ,

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમ જ રાજયસભાના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ રેલવે પ્રધાન પવનકુમાર બંસલે સંસદમાં જાહેર કરેલા રેલવેના ૨૦૧૩-૧૪ના અંદાજપત્રને ગુજરાતને અન્યાયની પરંપરા જાળવી રાખનારું ગણાવ્યું છે. રેલવે પ્રધાને કિમી દીઠ ૨ પૈસા, ૧૦ પૈસા, ૧૫ પૈસા અને ૩૦ પૈસાનો ભાડાવધારો બજેટ પહેલા કરી દઈને પ્રજાની કેડ પર કરોડો રૂપિયાનો ભાર નાખી જ દીધો છે. આજે બજેટના ભાષણમાં રેલવે પ્રધાન કોઈ જ ભાડાનો વધારો કર્યો નથી તેવી વાતને રજૂ કરીને દેશની પ્રજાને મુર્ખ બનાવી રહી છે.

ગત વર્ષે રેલવે બજેટમાં ભૂજ-બાંદ્રા એસી ટ્રેન ચાલુ કરવાની વાત કરી હતી જેનો છેદ ઉડાવી દીધો છે. ભરૂચ-દહેજ પેસેન્જર ટ્રેન ચાલુ થઈ નથી. દાહોદ-ઈન્દોર વાયા ધાર રેલવે લાઈનનો સર્વે થયો નથી. કચ્છને આંધ્ર સાથે જોડતી ટ્રેન વિશે નક્કર કંઈ જ કરાયું નથી. કોચની ફેકટરી કચ્છમાં નાખવાની વાતને સરકાર ભૂલી ગઈ છે અને ગુજરાતને અન્યાય કર્યો છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે પશ્ચિમ રેલવેનું વડું મથક અમદાવાદ ખસેડવાની માગ હોય, સુરતને ડીઆરએમ ઓફિસની માંગ હોય, અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા ત્રીજા ટ્રેકની માગ હોય, સાબરમતી રેલવે સ્ટેશનને સુવિધા સંપન્ન કરવાની માગ હોય રેલવે પ્રધાને નક્કર કંઈ જ જોગવાઈ ન કરીને ગુજરાતને અન્યાય કર્યો છે. આ રેલવેબજેટ ગરીબ, મધ્યમવર્ગ તથા જનવિરોધી છે.

યુપીએ સરકારનું રેલવે બજેટ વિકાસ વિરોધી : નરેન્દ્ર મોદી

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ શાસિત યુપીએ સરકારના રેલ્વે બજેટને વિકાસ-વિરોધી અને યુપીએ સરકારની નિષ્ક્રીયતાના નોન-પરફોર્મન્સની કાર્યશૈલીના સ્પષ્ટ પ્રતિક સમૂ જણાવ્યું છે. રેલ્વે ભાડામાં વધારો નથી કર્યો એવો જનતામાં ભ્રમ પેદા કરવામાં આવ્યો છે. વાસ્તવમાં રેલ્વે ભાડા ત્રણ મહિના પહેલાં જ વધારી દેવામાં આવ્યા હતા અને હવે ડીઝલના ખર્ચના ભાવ વધારાને બહાને સરચાર્જ નાખવાથી એકંદરે જનતાને આવશ્યક ચીજવસ્તુઓ મોંઘી બનશે. મોંઘવારીને ડામવામાં સદંતર નિષ્ફળ ગયેલી યુપીએ સરકારના રેલ્વે બજેટથી મોંઘવારી વધુ વકરશે, તેનો બોજ ગરીબી અને મધ્યમવર્ગ ઉપર પડવાનો છે. રેલ્વે ટેરીફમાં સીધો વધારો નથી કર્યો એવો ભ્રમ રેલ્વેપ્રધાને જનતાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો છે.

મોદીએ જણાવ્યું કે, વૈશ્વિક અર્થતંત્રમાં દરિયાઈ માર્ગે વેપારની મહત્વની ભૂમિકાને લક્ષ્યમાં લેતા, કોસ્ટલ-પોર્ટ કનેકટીવીટી અને રેલ્વેતંત્ર વચ્ચે જે નિર્ણાયક સંકલન હોવું જોઈએ તેનું આ રેલ્વે બજેટમાં ક્યાયં પ્રતિબિંબ દેખાતું જ નથી. કોંગ્રેસ શાસિત યુપીએ સરકારે ગુજરાતની રેલ્વે વિષયક વાજબી રજુઆતોની ઘોર ઉપેક્ષા કરીને ફરી એકવાર ગુજરાતને અન્યાય કર્યો છે તેનો આક્રોશ વ્યકત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પરિવહન સેવાના મહત્વાકાંક્ષી એવા અમદાવાદ-મુંબઈ-પૂનાના ફાસ્ટટ્રેક બૂલેટ ટ્રેઈન પ્રોજેક્ટ વિશે બજેટમાં નામોનિશાન નથી.

ગુજરાત રાજયમાંથી રેલ્વેને સૌથી વધુ આવક થાય છે છતાં છેલ્લા નવ વર્ષથી ગુજરાતની જનતાની રેલ્વે સુવિધાની વાજબી રજૂઆતોની ઉપેક્ષા જ થતી રહી છે. ગયા બજેટમાં કચ્છમાં વેગન ફેકટરી બનાવવાની ઘોષણા થઈ હતી અને છેલ્લાં ત્રણ વર્ષમાં નવી રેલ્વે લાઈનો માટે ૫૭ જેટલી સર્વે થઈ હતી તેમાંથી ભાગ્યે જ ગુજરાત વિશે રેલ્વે બજેટમાં કોઈ ઉલ્લેખ છે.

હવે પ્રાથમિક શાળાઓમાં સીસીટીવી કેમેરા

ગાંધીનગર જિલ્લા પંચાયત સંચાલિત ૧૬ પ્રાથમિક શાળાઓમાં ચાર લાખના ખર્ચે સીસીટીવી કેમેરા લગાવાશે

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાની ૧૬ પ્રા.શાળાઓમાં જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ દ્વારા રૂા.૪ લાખના ખર્ચે સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. જિલ્લા શિક્ષણ સમિતિની ચેરમેન ગાંભુસિંહ રાઠોડના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકીના જણાવ્યા પ્રમાણે આ ખર્ચ પંચાયતના સ્વભંડોળમાં પડશે.

તેમણે જણાવ્યુ હતું કે ૧૬ પ્રા.શાળાઓ જે પસંદ કરવામાં આવી છે તેમાં દરેક તાલુકાની ચાર ચાર કન્યા શાળાઓ છે આગામી વર્ષે ૨૪ શાળાઓને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવશે તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ સમિતિએ પ્રથમ તબક્કામાં કન્યાશાળાઓને આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો સોલંકીએ જણાવ્યું હતું કે શાળાના આચાર્ય તેમજ સમગ્ર સંકુલનું કવરેજ થાય તે રીતે આ કેમેરા લગાવવામાં આવશે તેમણે જણાવ્યું હતું કે બાળકો અને કન્યાઓની સુરક્ષાને ધ્યાને રાખી આ મહત્વનો નિર્ણય લેવાયો છે તેમણે જણાવ્યું હતું કે પંચાયતની શિક્ષણ સમિતિએ આ પ્રોજેક્ટમાં લોક ભાગીદારીને પણ આવકારી છે. માણસા તાલુકાની બોરૂ ગામની પ્રા.શાળામાં એક દાતાએ આ અંગે તમામ ખર્ચ ઉઠાવ્યો છે અને સમગ્ર સંકુલના તમામ વર્ગખંડોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાની પ્રા.શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા અંગે તાજેતરમાં જ શિક્ષણ સમિતિએ આદેશ કર્યા હતા હવે તે અમલી કરણની દિશામાં આગળ વધી રહી છે રાજ્યની પ્રથમ પંચાયત બનશે જે સ્વભંડોળમાંથી ખર્ચ કરી સુરક્ષાની આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

જન્મદિવસ શુભેચ્છા

'બાળ જન્મદિવસ મુબારક' વિભાગમાં 'વેસ્ટર્ન ટાઈમ્સ'માં આપના બાળકના જન્મદિને ફોટોગ્રાફ વિનામૂલ્યે પ્રસિદ્ધ કરાવી જન્મદિનને યાદગાર બનાવો. નીચે રજૂ થયેલી કૂપનમાં વિગતો ભરીને મોકલી આપો.

નામ:--
સંપર્ક: -------------------------------------
--------------------------- ટે.નં.----------
જન્મ તારીખ:--------------- ઉંમર---------
શાળાનું નામ/સંપર્ક:--------------------------

વાલીની સહી-----------------ધોરણ:-------

આપના બાળકનો પાસપોર્ટ ફોટો સવારની અને બપોરની આવૃત્તિમાં પણ છપાશે

નિયમો અને શરતો: ● ફોટોગ્રાફ કૂપન સાથે જન્મદિનની તારીખના ત્રણ દિવસ પહેલા રૂબરૂ કે ટપાલથી અમને મળી જવા જોઈએ. ● બાળકની ઉંમર ૧૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. ● વેસ્ટર્ન ટાઈમ્સનો કોઈપણ કારણ દર્શાવ્યા વિના ફોટોગ્રાફ છાપવા/નાછાપવા કે રાખી મૂકવાના હક્કો રહેશે. ● આ તારીખે પ્રસિધ્ધ થયેલ ફોટોગ્રાફનો કોઈપણ કાયદાકીય પૂરાવાના સ્વરૂપે ઉપયોગ થઈ શકશે નહી. ● જન્મતારીખના પુરાવા માટે જન્મના સર્ટીફીકેટની નકલ સામેલ કરવી આવશ્યક છે.

'વેસ્ટર્ન ટાઈમ્સ' ફોટોગ્રાફ મોકલવાનું સરનામું:
૩૦૧, ત્રીજો માળ, ગાલા આર્ગોસ, હરીકૃપા ટાવર પાછળ, લેડીઝ હોસ્ટેલ નજીક, એલીસબ્રીજ, અમદાવાદ-૬ ફોન: ૨૬૪૦૨૮૮૦

આણંદ જીલ્લાની પાંચ પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ નીમાયા

આણંદ,

આણંદ જીલ્લાની પાંચ પાલિકા વલ્લભ વિદ્યાનગર, કરમસદ, ઓડ, બોરીયાવી તથા આંકલાવ ખાતે આજે પ્રમુખ ઉપપ્રમુખની ચુંટણીઓ યોજાઈ હતી જેમાં વલ્લભવિદ્યાનગર, કરમસદ, ઓડ ખાતે ભાજપના પ્રમુખ ઉપપ્રમુખની વરણી સાથે આકલાવ પાલિકામાં ભાજપ પ્રેરીત અપક્ષની પ્રમુખ ઉપપ્રમુખ પદે વરણી થતા આશ્ચર્ય સર્જાયુ હતું જયારે બોરીયાવી પાલિકામાં એનસીપીના પ્રમુખ ઉપપ્રમુખ નીમાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ૧૦મીએ આણંદ જીલ્લાની પાંચ પાલિકા ખાતે ચુંટણી જંગ યોજાયો હતો જેની મતગણતરી ૧૨મીએ યોજાતા વલ્લભવિદ્યાનગર ખાતે ૨૭ કાઉન્સિલરો ભાજપના તથા કરમસદ ખાતે ૧૪ કાઉન્સિલરો ભાજપ ઓડ ખાતે ૧૪ ભાજપ, આકલાવ ખાતે ૨૧ સભ્યો અપક્ષ તથા બોરીયાવી ખાતે ૧૧ એનસીપીના સભ્યો ચુંટાતા પાલિકામાં તેમનું શાસન નકકી બન્યું હતું ત્યારે આજે પાંચેય પાલિકાના પ્રમુખ ઉપપ્રમુખનો ચુંટણી જંગ યોજાતા વલ્લભ વિદ્યાનગર પાલિકામાં મહેન્દ્રભાઈ પટેલ (લાલાભાઈ) પ્રમુખ તથા ઉપપ્રમુખ પદે રાખીબેન શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી ઓડ નગરપાલિકામાં કાન્તાબેન રાઉલજીની પ્રમુખ તરીકે તથા પરેશભાઈ પટેલની ઉપપ્રમુખ પદે વરણી કરવામાં આવી હતી. કરમસદ ખાતે પાલિકા પ્રમુખપદે નિલેષભાઈ પટેલ તથા ઉપપ્રમુખ પદે નિશાબેન ઠકકરની વરણી કરવામાં આવી હતી બોરીયાવી પાલિકામાં એનસીપીના પૂનમભાઈ રાઠોડની પ્રમુખપદે તેમજ નીતીનભાઈ પટેલની ઉપપ્રમુખ પદે વરણી કરવામાં આવી હતી.

જયારે આંકલાવ પાલિકામાં હાઈ વોલ્ટેજ ડ્રામા યોજાઈ ગયો હતો ભાજપ પ્રેરિત અપક્ષ અંબાલાલભાઈ પઢિયાર કોંગ્રેસ પ્રેરિત રણજીતસિંહ રાજને હરાવીને પ્રમુખ બન્યા હતા જયારે ઉપપ્રમુખ પદ માટે ભાજપ પ્રેરિત અપક્ષ દિપ્તીબેન પટેલની બિનહરીફ વરણી થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વલ્લભ વિદ્યાનગર ખાતે પાલિકામાં તમામ ૨૭ બેઠકો પર ભાજપનો સતત હેટ્રીક સર્જી વિજય અપાવનાર મહેન્દ્રભાઈ પટેલની પ્રમુખ તરીકે વરણી નિશ્ચિત હતી તો ઓડ પાલિકામાં પૂર્વ પ્રમુખ ઝાયાલભાઈ રાઉલજીના નેતૃત્વમાં ભાજપે બહુમતી હાંસલ કરતા કાંતાબેન રાઉલજીની પ્રમુખ તરીકે વરણી નીશ્ચિત બની હતી. સહુથી આશ્ચર્ય આંકલાવ પાલિકામાં સર્જાવા પામ્યું હતું કે જે વિસ્તાર કોંગ્રેસનો મજબૂત ગઢ ગણાય છે તે વિસ્તારની પાલિકામાં ભાજપે કાઠું કાઢતા કોંગીજનોમાં આશ્ચર્ય સર્જાવા પામ્યું હતું અત્રે નોંધનીય છે કે પાંચ પૈકી ચાર પાલીકામાં મહિલાઓને સ્થાન આપી મહિલાઓનું ગૌરવ વધારવામાં આવ્યું હોવાનું મહિલા સમાજે જણાવ્યું હતું.★

ભવન્સ એચ. બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટનો પદવીદાન સમારોહ યોજાયો

અમદાવાદ,

૨૫ ફેબ્રુઆરી ૨૦૧૩ : દેશના અગ્રણી અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શૈક્ષણિક ભવન એવા ઐતિહાસિક ભારતીય વિદ્યા ભવનના અમદાવાદ કેન્દ્રમાં શરૂ થયેલી જર્નાલિઝમ અને મેનેજમેન્ટ ક્ષેત્રની જાણીતી ઈન્સ્ટિટ્યુટ ભવન્સ એચ.બી.ઈન્સ્ટિટ્યુટ (હિરાલાલ ભગવતી ઈન્સ્ટિટ્યુટ) ઓફ કોમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ દ્વારા તેના ૪૪મા વિશેષ પદવીદાન સમારોહ યોજાયો. જેમાં જર્નાલિઝમ, માસ કોમ્યુનિકેશન, પબ્લિક રીલેશન, બિઝનેસ મેનેજમેન્ટ, સેલ્સ એન્ડ માર્કેટિંગ મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સ એન્ડ પર્સનલ મેનેજમેન્ટ, ઈન્ટરનેશનલ ટ્રેડ આઈટી મેનેજમેન્ટ, મટીરિયલ્સ મેનેજમેન્ટ અને ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ અભ્યાસક્રમોના કુલ ૧૫૯ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવામા આવી હતી. જયારે વર્ષ ૨૦૧૧-૧૨ની બેચના પાસ થયેલા આ વિદ્યાર્થીઓમાં ૯ વિદ્યાર્થીઓને ફર્સ્ટ રેન્કમાં અને ૯ વિદ્યાર્થીઓને સેકન્ડ રેન્કમાં મેડલ તથા કેશ પ્રાઈઝ સહિત ડીગ્રી સર્ટીફિકેટ આપવામા આવ્યા હતા અને આ વર્ષે ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સ એન્ડ પર્સનલ મેનેજમેન્ટમાં ગ્રુપ ૩ની એન્યુઅલ એકઝામમાં સૌથી વધુ માર્કસ મેળવવા બદલ વિદ્યાર્થીની જૈન વંદનાને ડો. મદુરી વિષ્ણુમૂર્તિ ગોલ્ડ મેડલ એવોર્ડ એનાયત કરાયો હતો.

ભારતીય વિદ્યા ભવનના અમદાવાદમાં ખાનપુર ખાતે આવેલા ભવન્સ કેમ્પસમાં આજે યોજાયેલા આ વિશેષ અને ખાસ પદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે બોર્ડ ઓફ કંપનીઝના ઈન્ડીપેન્ડન્ટ ડિરેકટર પ્રો.રાજેશ શ્રીવાસ્તવ અને અતિથિ વિશેષ તરીકે હિતાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુશન્સ(ઈન્ડિયા)લિ.ના કોર્પોરેટ અફેર્સ એક્ઝિક્યુટિવ ડિરેકટર શ્રી અમિત દોષી તેમજ ભારતીય વિદ્યા ભવન અમદાવાદ કેન્દ્રના ચેરમેન રોહિત.સી.મહેતા, સેક્રેટરી મુકેશ પટેલ તથા ભવન્સ એચબીઆઈસીએમના ઓનરરિ ડિરેકટર પ્રો.પાવન પંડિત સહિતના મહાનુભાવો ઉપરાંત ખાસ આઈઆઈએમ,એનઆઈડી, ઈએમઆરસી અને ગુજરાત યુનિવર્સિટી સહિતની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓના હેડ તથા વિઝિટિંગ ફેકલ્ટી પ્રોફેસર્સ ઉપસ્થિત રહ્યા હતા.